| | | | | | |
|---|---|---|---|---|---|
| GJJN110000372024 | | રજુ તારીખ : | 17 | 01 | 2024 |
| | | દાખલ તારીખ : | 17 | 01 | 2024 |
| | | ફેસલ તારીખ : | 28 | 04 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 02 | 03 | 11 |
| | સત્યમેવ જયતે | **આંક : ૭૨.** | | | |

---

**મહેરબાન ભેસાણના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૮/૦૪/૨૦૨૬. |
| **ફોજદારી કેસ નંબર** | **૨૫/૨૦૨૪.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૩૦૪૯૧/૨૦૨૩. |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરિયાદી : નાથાભાઈ બધાભાઈ પરમાર) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | **(૧)** હિંમતભાઈ જીવણભાઈ પરમાર,<br>ઉ.વ.૪૭, ધંધો : મજુરી,<br>રહે.આંબેડકરનગર, ગળથ,તા.ભેંસાણ,જી.જુનાગઢ.<br><br>**(૨)** જયેશભાઈ હિંમતભાઈ પરમાર,<br>ઉ.વ.૨૧, ધંધો : પ્રા.નોકરી,<br>રહે.આંબેડકરનગર, ગળથ,તા.ભેંસાણ,જી.જુનાગઢ.<br>હાલ રહે.રાજકોટ.<br><br>**(૩)** ભરતભાઈ હિરાભાઈ વાઘેલા,<br>ઉ.વ.૩૫, ધંધો :મજુરી,<br>રહે.ભાદરના સામા કાંઠે,દેરડી રોડ,જેતપુર,જી.રાજકોટ. |
| રજુઆત | વિ.વકીલ શ્રી વી.વી.રાણવા. |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૧/૧૦/૨૦૨૩. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૧/૧૦/૨૦૨૩. |
| આખરી અહેવાલની તારીખ | ૦૭/૦૧/૨૦૨૪. |
| તહોમતનામાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૪. |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૪. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૮/૦૪/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

**:: આરોપીની વિગત ::**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હિંમતભાઈ જીવણભાઈ પરમાર, | ૧૧/૧૦/૨૦૨૩ | ૧૨/૧૦/૨૦૨૩ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. | – | – | – |
| ૨ | જયેશભાઈ હિંમતભાઈ પરમાર, | ૧૨/૧૦/૨૦૨૩ | ૧૨/૧૦/૨૦૨૩ | | | | |
| ૩ | ભરતભાઈ હિરાભાઈ વાઘેલા, | ૧૨/૧૦/૨૦૨૩ | ૧૨/૧૦/૨૦૨૩ | | | | |

**:: નમૂનો ક ::**

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષના સાક્ષી**

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | દેવજીભાઈ ટપુભાઈ પરમારની જુબાની. | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૨. | પંચ સાહેદ | ભીખાભાઈ ચનાભાઈ પરમારની જુબાની. | ૧૨ |
| ૩. | પંચ સાહેદ | દેવજીભાઈ ટપુભાઈ પરમારની જુબાની. | ૧૪ |
| ૪. | પંચ સાહેદ | કાળુ ઉર્ફે મુળુભાઈ રાણીંગભાઈ બસીયાની જુબાની. | ૪૫ |
| ૫. | ફરીયાદી | નાથાભાઈ બધાભાઈ પરમારની જુબાની. | ૫૨ |
| ૬. | સાહેદ | લીલાબેન નાથાભાઈ પરમારની જુબાની. | ૫૪ |
| ૭. | સાહેદ | કેતનભાઈ નાથાભાઈ પરમારની જુબાની. | ૫૫ |
| ૮. | મેડીકલ ઓફિસર | ડો.દિલીપ કિશોરભાઈ પીઠવાની જુબાની. | ૬૦ |
| ૯. | ત.ક.અધિકારી | સંજયભાઈ નાનુભાઈ વાણીયાની જુબાની. | ૬૩ |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**
**અ. ફરિયાદ પક્ષ**

| **ક્રમ.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૧૧ |
| ૨. | આરોપીના અટક પંચનામાની ખરી નકલ. | ૧૩ |
| ૩. | અસલ ફરીયાદ. | ૫૩ |
| ૪. | ફરીયાદીનું એમ.એલ.સી.સર્ટીફીકેટ. | ૬૧ |
| ૫. | સાહેદ લીલાબેનનું એમ.એલ.સી.સર્ટીફીકેટ. | ૬૨ |

**ડ. ભૌતિક પદાર્થ :** ભેંસાણ પોલીસ સ્ટેશન – ૧૧૨૦૩૦૦૭૨૩૦૪૯૧/એમ.પી./૧, તા.૧૨/૧૦/૨૦૨૩ માં જણાવ્યા મુજબ.

| **અનુ. નં.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૨ | લાકડુ |

## ઠ રા વ

(૧). આ કામે ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે બાપદાદાની મિલકત બાબતે ઝઘડો ચાલતો હોય અને તા.૧૧–૧૦–૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૩૦ વાગ્યાના અરસામાં ભેંસાણ તાલુકાના ગળથ ગામે આ કામના ફરીયાદી કામેથી પોતાના ઘરે આવેલ તે દરમિયાન આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુંનો મુંઢ માર મારી તથા આરોપી નં.૩ નાએ ફરીયાદીને ઘોડીયાના પાયા વડે માર મારી અને

સાહેદ નં.૬ નાઓ વચ્ચે પડતા તેમને પણ ઢીકાપાટુનો માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી તેમજ મહે. શ્રી ડી.એમ.સાહેબ જુનાગઢનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યાની ફરીયાદીએ ભેંસાણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવતાં, ફરીયાદીની ફરીયાદ આધારે તપાસકરનાર અધિકારીએ તપાસ હાથ ધરી,તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ હાલના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી આંક–૫ થી તહોમતનામું ફરમાવી,આંક–૬ થી આંક–૮ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). ત્યારબાદ, આ કામે કેસ રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ પક્ષે બીજા કોઈ સાહેદ તપાસવા ના બાકી રહેતા ન હોય અને વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, આ કામે રજુ થયેલ પુરાવાનાં અનુસંધાને ફોજદારી કાર્યવાહીનાં કાયદા ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન પ્રશ્નોતરી સ્વરૂપે લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમની વિરૂધ્ધના પુરાવાનો ઈન્કાર કરી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવમાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.વિશેષ માં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬). આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.સીંધી તથા આરોપી ઓ તરફે વિધ્વાન વકીલ શ્રી વી.વી.રાણવાની દલીલો સાંભળવામાં આવેલ છે.જેમાં આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વાજબી શંકાથી પર પુરવાર કરવા

માં સફળ રહેલ હોઈ જે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપીઓને સખત સજા કરવા અરજ કરેલ છે, જયારે આ કામે આરોપી ઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે,આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છેતે મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય જેથી આ કામે આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭). ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧). શું ફરીયાદ પક્ષ એ હકીકત વાજબી શંકાથી પર સાબિત કરે છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે બાપદાદાની મિલકત બાબતે ઝઘડો ચાલતો હોય અને તા.૧૧–૧૦–૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૩૦ વાગ્યાના અરસામાં ભેંસાણ તાલુકાના ગળથ ગામે આ કામના ફરીયાદી કામેથી પોતાના ઘરે આવેલ તે દરમિયાન આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, ઢીકાપાટુંનો મુંઢમાર મારી તથા આરોપી નં.૩ નાએ ફરીયાદીને ઘોડીયા ના પાયા વડે માર મારી અને સાહેદ નં.૬ નાઓ વચ્ચે પડતા તેમને પણ ઢીકા પાટુનો માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ તેમજ મહે.શ્રી ડી.એમ.સાહેબ જુનાગઢનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી,ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

(૨). આખરી શું હુકમ ?

(૮). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કારણો

**મુદ્દા નં.૧ :–**

(૯). આ કામે ફરીયાદપક્ષે તહોમતદારો વિરૂધ્ધ એ પ્રકારનું તહોમત મુકવામાં આવેલ છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે બાપદાદાની મિલકત બાબતે ઝઘડો ચાલતો હોય અને તા.૧૧–૧૦–૨૦૨૩ ના રોજ કલાક ૧૩:૩૦ વાગ્યાના અરસામાં ભેંસાણ તાલુકાના ગળથગામે આ કામના ફરીયાદી કામેથી પોતાના ઘરે આવેલ તે દરમિયાન આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, ઢીકા પાટુંનો મુંઢમાર મારી તથા આરોપી નં.૩ નાએ ફરીયાદીને ઘોડીયાના પાયા વડે માર મારી અને સાહેદ નં.૬ નાઓ વચ્ચે પડતા તેમને પણ ઢીકાપાટુનો માર મારેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ તેમજ મહે.શ્રી ડી.એમ.સાહેબ જુનાગઢનાઓના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી,ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે.ત્યારે ઉપર મુજબના ગુના આરોપીએ આચરેલ છે તે હકીકત વાજબી શંકાથી પર, ફરીયાદ પક્ષે પુરવાર કરવી જોઈએ.

(૧૦). આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩** વંચાણે લેવામાં આવે તો,

કોઈપણ વ્યકિત,કલમ–૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વૈચ્છા પૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

આ કલમ લાગુ કરવા માટે નીચે મુજબના તત્વો જરૂરી છે.

(૧). આરોપીઓએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨). આવુ કૃત્ય આરોપીઓએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપૂર્વક કર્યુ હતુ.

(૧૧). ઉપરોકત કલમ સમજવા માટે આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૧૯** વ્યથાની વ્યાખ્યા વંચાણે લેવામાં આવે તો,

કોઈપણ વ્યકિત,અન્ય વ્યકિતને શારીરિક પીડા,રોગ અથવા અશકિત ઉપજાવે તે વ્યથા કરે છે તેમ કહેવાય.

આમ, સદર બંને કલમોનું અર્થઘટન કરતાં સદર કલમ મુજબનો ગુનો પુરવાર થવા નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર થવા જોઈએ.

(૧). કોઈ વ્યકિતએ કોઈ વ્યકિતને આકસ્મિક ઉશ્કેરણી વગર સ્વેચ્છાપૂર્વક વ્યથા કરેલ છે.

(૨). સદર વ્યથા શારીરીક પીડા, રોગ અથવા અશકિત ધ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ છે.

વધુમાં, વ્યથા થવામાં ભોગવનાર વ્યકિત તથા કૃત્ય કરનાર વ્યકિતના કૃત્ય તથા વ્યથા વચ્ચે સ્પષ્ટ સંબંધ આવશ્યક છે. ઈજા થવા પામેલી કે ભોગવવી પડેલ વ્યથા દૂરસ્થ નહીં, પરંતુ પ્રત્યક્ષ પરિણામ હોય તે જરૂરી છે અને તેમાં પીડા, રોગ તથા અશકિતનો સમાવેશ થાય છે.

**(૧૨).** આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪** વંચાણે લેવામાં આવે તો,

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરકના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય,પોતાની હાજરીમાં થાયતો તેણે પોતે તે કુત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

(૧). આરોપીએ ગુન્હાહિત બળ વાપરવા માટે કોઈ ચેષ્ટા કરી અથવા તૈયારી કરી,

(૨). ગુન્હાહિત બળ વાપરવામાં આવ્યુ છે તેવી વ્યાજબી દહેશત તે કારણે ભોગ બનનારમાં ઉભી થાય તેવા ઈરાદાથી આરોપીએ કૃત્ય કર્યુ અથવા તેવી દહેશત ઉભી થાય તેવો સંભવ હોવાનું આરોપી જાણતો હોય.

(૩). આવી ચેષ્ટા અથવા તૈયારીના કારણે ભોગ બનનારને વ્યાજબી દહેશત ઉભી થઈ હતી. આ મહત્વનું તત્વ છે કારણ કે હુમલામાંથી કોઈ ઈજા થતી નથી,

પરંતુ હુમલો કરવામાં આવે તે પહેલાનો તબકકો છે અને આ હુમલાનાકારણે આગળ નું કૃત્ય થશે તેવી વ્યાજબી દહેશત ઉભી થાય ત્યારે આ ગુન્હો સંપુર્ણ બને છે.

(૪). ઓચીંતો અને ગંભીર ઉશ્કેરાટ આરોપીને ભોગ બનનારને આપ્યો ન હતો.

**(૧૩).** આ કામે આરોપીઓ વિરૂધ્ધનું ઉપરોકત તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–પર થી ફરીયાદી નાથાભાઈ બધાભાઈ પરમારની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક વર્ષ પહેલા બનેલો. તેઓ ઘરે હતા ત્યારે તેઓના ઘરે બનાવ બનેલો. હિંમતભાઈ જીવણભાઈ પરમાર તથા તેનો સાળો ભરત મુળુભાઈ પરમાર તથા જયેશભાઈ હિંમતભાઈ પરમાર ત્રણેય જણા આવેલા. જયેશે તેઓને ધકકો મારતા તેઓ બેભાન થઈ ગયેલો.ત્યારબાદ શું બનેલ તે તેઓને ખબર નથી.૧૦૮માં તેઓની પત્ની તેઓને ભેસાણ સરકારી દવાખાને લઈ આવેલ. બીજા કોઈએ તેઓને માર મારેલ નથી.બીજુ કોઈ બોલેલા નહી. અમારા બાપાની માલ–મિલકત માટે હાલનો બનાવ બનેલો. તેઓને કોઈ ધમકી આપેલ નથી. આ ગુનાની તેઓએ આંક–પ૩ વાળી ફરીયાદ આપેલી. આમ, સદર કામના ફરીયાદીએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન થાય તેવી હકિકત જણાવેલ ન હોય.વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી. આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ અને હિંમતભાઈ બાજુ બાજુમાં રહે છે અને ભાઈઓ થાય છે. તેઓ રહે છે ત્યાં આજુબાજુ રહેણાંક મકાનો આવેલ છે અને ત્યાં ઘણા માણસો હોય છે. તેઓ કબુલ રાખે છે કે બોલાચાલીમાં તેઓને ધકકો લાગતા તેઓ પડી ગયેલ અને ઈજા થયેલ તેમજ મિલકત બાબતે ભાઈઓ ભાઈઓનો ઝઘડો ચાલે છે. કેતનભાઈએ તેઓની મા દેવુબાને મારેલુ. હિંમતભાઈએ તેઓને કે તેઓના ઘરવાળાને માર મારેલ નથી તેવી હકીકત જણાવેલ છે.

(૧૪). ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક–૫૪ થી તપાસવામાં આવેલ સાહેદ લીલા બેન નાથાભાઈ પરમારની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ બે વર્ષ પહેલા બનેલો. બનાવ વખતે તેઓ અને તેઓના દિકરાની દિકરી ઘરે હતા. ઘરવાળા તેઓના કામેથી આવેલા અને જમવા બેસતા હતા. બનાવ વખતે હિંમતભાઈ જીવાભાઈ પરમાર અને તેનો સાળો અને જયેશ હિંમતભાઈ પરમાર ત્રણેય જણા તેઓના ઘરે આવેલા.પહેલા તેઓને માર મારેલો અને તેઓ બેભાન થઈ ગયેલી અને તેઓના ઘરવાળાને પણ મારેલા તે પણ બેભાન થઈ ગયેલા અને બહારથી ડેલી વાસીને જતા રહેલા.આ આરોપીઓ બોલ્યાવગર તેઓના ઉપર હુમલો કરી જતા રહેલા.૧૦૮માં તેઓ અને તેઓના ઘરવાળાને સરકારી દવાખાને ભેસાણ દાખલ કરેલા અને આ બનાવ તેઓના ઘરેણા તેઓની સાસુમાં પાસે હોય જેના લીધે બનાવ બનેલો. આમ, સદર કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય.વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરીગયેલા જાહેર કરી સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા વિરુધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી.ત્યારબાદ આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ વખતે તેઓ અને તેઓની છોકરી હાજર હતા અને તેઓના ઘરના કામે ગયા હતા. બોલાચાલી થતા આજુબાજુ ઘણ માણસો ભેગા થઈ ગયેલા. તેઓને અને આરોપીઓને ઘણા વખતથી મિલકત બાબતે ઝઘડો ચાલે છે.પોલીસે નામ, સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાંઈ પુછેલુ નહી. બનાવ વખતે તેઓનો દિકરો હાજર ન હતો. તેઓએ હિંમતભાઈને જોયેલા નહી. બનાવ વખતે તેઓ ઘરમાં હતા બહાર શું થયુ તેની તેઓને ખબર નથી. દેવુમાને ઈજા થતા ૧૦૮ માં ભેસાણ સરકારી દવાખાને આવેલા. દવાખાને ગયા ત્યારે તેઓ ભાનમાં હતી અને તેઓના ઘરવાળા ભાનમાં હતા.ડોકટરે તેઓની રીતે સારવાર કરેલી અમે હિસ્ટ્રી જણાવેલ નહી તેવી હકકીતો જણાવેલ છે.

(૧૫). ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક–૫૫ થી તપાસવામાં આવેલ સાહેદ કેતન ભાઈ નાથાભાઈ પરમારની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ વખતે તેઓ ધારી ગામે હતો. તેઓ ધારી ગામડે હતા બપોરના ચાર

વાગ્યે તેઓના મમ્મીનો ફોન આવેલો કે,'' તેઓના પપ્પા અને તેઓની મમ્મીને માર મારેલ છે અને ભેસાણ સરકારી દવાખાને છીએ.'' તેમ વાત કરતા તેઓ ભેસાણ સરકારી દવાખાને ગયેલો. આ બનાવમાં તેઓના કાકા હિંમતભાઈ તથા તેમનો દિકરો જયેશ તથા તેઓના કાકાનો સાળાએ માર મારેલ છે. તેઓના મમ્મી અને પપ્પાએ કેસ કરેલો. તેઓને પોતાના મમ્મીએ કોણે ઈજા કરેલી, કઈ રીતે કરેલી અને શેનાથી કરેલી તે અંગે કાંઈ જણાવેલુ નહી. આમ, સદર કામના સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન થાય તેવી હકિકત જણાવેલ ન હોય.વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા વિરુધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી. ત્યારબાદ આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે,બનાવ તેઓએ નજરે જોયેલ નથી.બનાવ વખતે કોણ કોણ હાજર હતુ તેની પણ તેઓને ખબર નથી કારણ કે બનાવ વખતે તેઓ બહાર ગામ હતા.

**(૧૬).** ત્યારબાદ,આ કામે ફરીયાદપક્ષે આંક–૬૦થી તપાસવામાં આવેલ સાહેદ ડો.દિલીપ કિશોરભાઈ પીઠવાની જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૧/૧૦/૨૦૨૩ ના રોજ ભેસાણ સરકારી હોસ્પીટલે ફરજ ઉપર હાજર હતા ત્યારે લીલાબેન નાથાભાઈ પરમાર અને નાથાભાઈ બધાભાઈ પરમાર બપોરના ૨–૫૦ મીનીટે ભેસાણ સરકારી હોસ્પીટલે સારવારમાં આવેલ. ત્યારે તેને હિસ્ટ્રીમાં પુછતાં નાથાભાઈ જણાવેલ કે ભરતભાઈ દવારા ધકકો મારતા દિવાલમાં માથુ અથડાતા ઈજા થયેલ અને લીલાબેનને પુછતા જણાવેલ કે ભરતભાઈ દવારા ગળા માં હાથ વડે ઈજા કરેલ. દર્દી નાથાભાઈને તપાસતા ઈજા માથાના ઓકસીપીટલ ભાગમાં દુ:ખાવાની ફરીયાદ કરેલ જેમાં કોઈ દેખીતી ઈજા ન હતી. જે અંગેનુ આંક–૬૧ વાળુ તેઓએ સર્ટીફીકેટ આપેલુ. બાદ લીલાબેનને તપાસતા ઈજા ગળાના ભાગે દુ:ખાવાની ફરીયાદ કરેલ જેમાં કોઈ દેખીતી ઈજા ન હતી. જે અંગેનુ આંક–૬૨ વાળુ તેઓએ સર્ટીફીકેટ આપેલુ. વળી, સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ મેડીકલ સર્ટીફીકેટમાં ઈજા કરનાર વ્યકિતનુ પુરૂ નામ જણાવેલ નથી. તે વાત ખરી

છે કે બંન્ને દર્દીઓને થયેલ ઈજા એકદમ જોઈ શકાય તેવી ન હતી. તે વાત ખરી છે કે બંન્ને દર્દીઓ તેઓની સમક્ષ સારવાર માટે સ્વૈચ્છાએ આવેલા. તે વાત ખરી છે કે ઘણી વખત એવુ બને કે, કોઈ દર્દીને દેખીતી રીતે ઈજા જણાતી ન હોય પરંતુ તેઓ સારવાર માટે આવતા હોય છે. તે વાત ખરી છે કે આ પ્રકારની ઈજા સામાન્ય રીતે કોઈ ઠેસ લાગે અથવા અથડાવાથી થઈ શકે તેવી ઈજા છે.

(૧૭). આ કામે તપાસ કરનાર અધિકારી સંજયભાઈ નાનુભાઈ વાણીયાને આંક–૬૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, જેઓએ પોતાની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૧/૧૦/૨૩ના રોજ તેઓ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યારે આર.જી.ગરેજાએ ફરીયાદીની ફરીયાદ લઈ તપાસ તેઓના સોપતા તેઓએ બનાવવાળી જગ્યાનુ આંક–૧૧વાળુ પંચનામુ કરેલુ.તેમજ આરોપીઓને અટક કરેલા.અટક પંચનામુ આંક–૧૩થી રજુ કરેલ. આરોપી ભરત હિરાભાઈ પાસેથી એક લાકડુ બનાવ વખતે વાપરેલ હતુ તે કબજે કરેલુ. સાહેદોના નિવેદન તેના લખાવ્યા મુજબ લીધેલા. આરોપીઓને નોટીસ આપી હાજર રખાવેલા. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલુ.વળી,આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની તપાસ દરમ્યાન ફરીયાદી કે સાહેદ નાથાભાઈને શરીરે ઈજા હોય તેવુ જોયેલ નથી. સાહેદ કેતનભાઈ નાથાભાઈ પરમાર કેફીપીણુ પીવાની ટેવવાળા છે તેવુ પુછતા જણાવુ છુ કે તે અંગે તેઓને ખબર નથી.ફરીયાદીએ હાલના બનાવ બાદ બીજા કોઈ બનાવની ફરીયાદ આપેલ નથી તેવુ પુછતા જણાવે છે કે તે અંગે તેઓને ખબર નથી.

(૧૮). વધુમાં, ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદ દેવજીભાઈ ટપુભાઈ પરમારે તેઓની આંક–૧૦ ની તથા સાહેદ કાળુ ઉર્ફે મુળુભાઈ રાણીંગભાઈ બસીયાએ તેઓની આંક ૪૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૧૧ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં તથા પંચ સાહેદ ભીખાભાઈ દેવજીભાઈ પરમારે તેઓની આંક ૧૨ ની તથા સાહેદ દેવજીભાઈ ટપુભાઈ પરમારે તેઓની આંક–૧૪ની સોગંદ

ઉપરની જુબાનીમાં આંક–૧૩ થી રજુ આરોપીના અટક પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ આ પંચનામામા સહી કર્યા સિવાયની હકીકતો જણાવતા ન હોય અને પંચનામાની હકીકત સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા છતા વિરુધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી.ત્યારબાદ આ કામે આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામા પોલીસના કહેવાથી સહી કરેલી તે સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. આમ, આ હકીકતો ધ્યાને લેતા આંક–૧૧ બનાવવાળી જગ્યાનું તથા આંક–૧૩ આરોપીનું અટક પંચનામું પુરવાર થતુ નથી.

(૧૯). વધુમાં, ફરીયાદપક્ષે તપાસેલ દરેક સાહેદની જુબાની ધ્યાને લેતાં બનાવ સમયે નજરે જોનાર સાહેદ તરીકે આંક–પર તપાસાવામાં આવેલ ફરિયાદી નાથાભાઈ બધાભાઈ પરમારે હાલના ગુનાના કામે મહત્વના સાહેદ છે પરંતુ તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ સાથેની બોલાચાલીમાં તેઓને ધકકો લાગવાથી પડી ગયેલ અને ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરિયાદીની આંક–પર ની ઉલટતપાસ ધ્યાને લેતા ફરિયાદી અને આરોપીઓ વચ્ચે બોલાચાલી અને ઝગડો થયો હોવાનું જણાઈ આવે છે, પરંતુ હાલના આરોપીઓએ કોઈ ઈજા કરેલ હોવાની હકકીત જણાવેલ નથી. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ લીનાબેન નાથાભાઈ પરમારને આંક–પ૪ થી, સાહેદ કેતનભાઈ નાથાભાઈ પરમારને આંક–પપ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે પરંતુ આ બન્ને સાહેદો ફરિયાદના પત્નિ તથા પુત્ર થાય છે, પરંતુ તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓને બનાવ વિશે કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી. જેથી તેઓના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. ત્યારબાદ આ કામે આંક–૬૦ થી મેડીકલ ઓફીસરને તપાસવામા આવેલ છે તેઓએ ફરિયાદી તથા સાહેદ લીનાબેનની સારવાર કરેલ છે અને સારવાર મુજબનુ મેડીકલ સર્ટીફીકેટ આપેલ છે જે આ કામે અનુક્રમે આંક–૬૧ તથા ૬૨ થી રજૂ છે. આ બંને મેડીકલ

સર્ટીફીકેટ વંચાણે લેતાં તેમાં દિવાલમાં ધકકો મારતા માથામા ઈજા થયેલ હોવાનું જણાવેલ છે પરંતુ આ ધકકો ભરતભાઈએ મારેલ હોવાનું જણાવેલ છે પરંતુ ભરત ભાઈનું આખુ નામ જણાવેલ નથી જે હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપી નં.૩ ના એ જ ફરિયાદીન તથા સાહેદને દિવાલમાં ધકકો મારેલ હતો કે કેમ તે ચોકકસ કહી શકાય નહીં.ત્યારબાદ આ કામે ત.ક.અ. સંજયભાઈ નાનુભાઈ વાણીયાને આંક ૬૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ હાલના ગુનાની તપાસ સંભાળેલી, બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ, આરોપીઓને અટક કરેલા, આરોપીઓને અટક કરી પંચનામું કરેલુ. બનાવ સમયે વપરાયેલ લાકડે કબજે કરેલુ, સાહેદોના નિવેદનો નોંધેલા અને ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. વધુમાં તેઓ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, ફરિયાદી કે સાહેદ નાથાભાઈને શરીરે ઈજા હોય તેવું જોયેલ નથી. આમ, સમગ્ર હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષે એક પણ સાહેદે આપેલ નથી. આમ, રેકર્ડ ઉપર પુરાવાની ગેરહાજરીમાં આ કામના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૧૧૪ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૦). વધુમાં, આ કામે આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ) તથા ૫૦૬(૨) મુજબના ગુનાનુ તહોમત છે, જેથી આ કામે **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ)** વંચાણે લેવામાં આવે તો,

અશ્લિલ કૃત્યો અને ગીતો :– જે પણ, અન્યની હેરાનગતિ માટે – કોઈપણ જાહેર સ્થળે કોઈ અશ્લિલ કૃત્ય કરે છે, અથવા કોઈપણ સાર્વજનીક સ્થાનમાં અથવા તેની નજીક કોઈપણ અશ્લિલ ગીત, લોકગીત અથવા શબ્દો ગાય છે, વાંચે છે અથવા ઉચ્ચાર કરે છે, તેને ત્રણ મહિના સુધીની મુદૃત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બન્ને સાથે શિક્ષા કરવામાં આવશે.

(૨૧). વધુમાં, **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬** વંચાણે લેવામાં આવે તો,

જે કોઈ વ્યકિત ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ

પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો :** જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા સાત વર્ષ ની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્રયહિનતાનુ આળ મુકવાનું હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકાર ની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**(૨૨).** વધુમાં,ફરીયાદપક્ષે ફરીયાદ હકીકત ધ્યાને લેતાં,આ કામનાઆરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાહેરમાં ભુંડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનો આક્ષેપ કરેલ છે, પરંતુ માત્ર ધમકી આપવાથી ભારતીય દંડ સંહીતાની કલમ-૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત થતો નથી, તે માટે જાનથી મારી નાંખવાની ધમકી આપવાના કારણે ફરીયાદી સતત ભયમા રહેતા હોવા જોઈએ અને રોજબરોજનું કૃત્ય કરવા અશકિતમાન થયેલ હોવાનું સાબીત કરવું જરૂરી છે. ભારતીય દંડ સંહીતાની કલમ-૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત કરવા આરોપી ઘ્વારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઈએ. જો તેવા શબ્દો રેકર્ડ ઉપર આવેલા ન હોય તો ભારતીય દંડ સંહીતાની કલમ-૨૯૪(ખ) મુજબનો ગુનો આચરવામા આવેલો છે તેવુ કહી શકાય નહી. વધુમાં, આ કામે ***નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પ્રવિણ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧)જી.એલ.એચ.૩૩૭*** નાં ચુકાદામાં સ્પષ્ટ રીતે એવું ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત કરવા આરોપી દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. વધુમાં, ભારતીય દંડ સંહીતાની કલમ-૨૯૪(ખ) માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદા પૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ.

(૨૩). વધુમાં, ***નામદાર ગુજરાત હાઈકોર્ટના મુનસાફખાન યાસીનખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૨(૧) જી.એલ.એચ.ક્યુ.જે.૪*** ના ચુકાદામા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ગુનાહીત ધાક ધમકી મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ધમકીનાં કારણે ફરીયાદીને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઈએ અને તેનાં મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોઈએ. વધુમાં, આવી ધમકીનાં કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈ પણ સમયે પોતાની ફરજ અદા કરવાં માટે અશકિતમાન થયેલા હોવા જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોય તો આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત થતો નથી.

(૨૪). વધુમાં, આ કામે આરોપી વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫ મુજબના ગુનાનુ તહોમત છે જેથી આ કામે **ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫** વંચાણે લેવામાં આવે તો,

આ કાયદાની કલમો–૩૭, ૩૯ કે ૪૦ મુજબ કાયદાકીય રીતે કરવામાં આવેલા કોઈપણ આદેશનું પાલન ન કરનાર અથવા તેના પાલન ન કરવામાં મદદગારી કરનારને ગુન્હો પુરવાર થયેથી નીચે પ્રમાણેની શીક્ષા થશે.

(૧). આ કાયદા મુજબ જે હુકમનુ પાલન કરવામાં ન આવ્યુ હોય કે જેના પાલન ન કરવામાં મદદગારી કરવામાં આવી હોય તે હુકમનુ આ કાયદામાં હોય તે હુકમ જો આ કાયદાની કલમ–૩૭ ની પેટા કલમ (૧) મુજબ કે તે આ કાયદાની કલમ ૩૯ કે ૪૦ મુજબ કરવામાં આવેલ હોય તો,તેને એક વર્ષની મુદ્દત સુધીની કેદની પણ તે શીક્ષા લેખીત કારણો આપ્યા હોય તે સિવાય,ચાર માસથી ઓછી હોવી જોઈએ નહી અને તે દંડને પાત્ર પણ થશે અને

(૨). જો આ હુકમ આ કાયદાની કલમ–૩૭ ની પેટા કલમ (૨) મુજબ કરવામાં આવેલ હોય તો એક માસ સુધીની મુદતની કેદ અથવા એક સો રૂપીયા દંડની અને

(૩). જો આ હુકમ આ કાયદાની કલમ−૩૭ ની પેટા કલમ(૩) મુજબ કરવામાં આવેલ હોય તો એક માસ સુધીની મુદતની કેદ કે એક સો રૂપીયા સુધીનો દંડ.

**(૨૫).** વધુમાં, બનાવ સમયે જીલ્લા મેજી.શ્રીનું હથીયારબંધી અંગેનું જાહેરનામુ અમલમાં હતું તેની યોગ્ય રીતે પ્રસિધ્ધી કરવામાં આવેલ હોય તેવો કોઈ જ પુરાવો આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ નથી. વધુમાં, ગુજરાત પોલીસ એકટની કલમ−૧૩૫ ની જોગવાઈથી અત્રેની અદાલત સંપૂર્ણ સભાન છે. તેમજ **બોમ્બે હાઈકોર્ટનાં સ્ટેટ ઓફ બોમ્બે વિરુધ્ધ અજીજખાન એ.આઈ. આર.૧૯૫૬ બોમ્બે−૬૮૦**ના ચુકાદાને અત્રેની અદાલતે માનપૂર્વક ધ્યાને લીધેલ છે. જેમાં નામદાર બોમ્બે હાઈકોર્ટે સ્પષ્ટ રીતે ઠરાવેલ છે કે,

**''કાયદા ઘડનારે જાહેરનામું માત્ર કલેકટર કચેરીમાંથી પ્રસિધ્ધ થવું એટલું જ જરુરી નથી પરંતુ સાથો સાથ તે જાહેરનામાની જાહેર પ્રસિધ્ધી થવી પણ એટલી જ જરુરી છે. માત્ર ગેજેટમાં તે જાહેરનામાની પ્રસિધ્ધી થવાથી તેની જાહેર પ્રસિધ્ધી કરવામાં આવેલ હોવાનું કહી શકાય નહિં.''**

**(૨૬).** આ કામે હવે એ જોવાનું જરુરી બને છે કે, જે કચેરીમાંથી જાહેરનામું પ્રસિધ્ધ થયેલું હોય તેનાં સબંધીત અધિકારીને તપાસીને તે પુરવાર કરવાનું હોય છે. હાલના કેસ નાં ફરીયાદપક્ષ તરફે જાહેરનામાની યોગ્ય રીતે જાહેર પ્રસિધ્ધી કરેલ હોય તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલો નથી કે કોઈ સાક્ષીને તપાસેલા નથી. જેથી સદર જાહેરનામું પ્રસિધ્ધ થયેલ છે તે માની શકાય નહીં. કારણ કે, જાહેર પ્રસિધ્ધ અંગે સબળ પુરાવો રજુ કરવો પડે જે આ કામે રજુ થયેલો નથી. વધુમાં જણાવવાનું કે, **જાહેરનામું ડ્રમ બીટ કરીને કે ચોંટાડીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કરાવવું જોઈએ.** જે સાબીત કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે પરંતુ ફરીયાદ પક્ષે તે સાબીત કરેલ નથી. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પોલીસ એકટની કલમ−૧૩૫ મુજબનો ગુનો પણ પુરવાર થતો નથી.

**(૨૭).** વધુમાં, આ કામના ફરીયાદીએ તેમની ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે તે

બાબતે પોતે પોતાના સોગંદ ઉપરના પુરાવામા આ કામના આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો આપતા નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપો વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓ સામે જે પ્રકારના આક્ષેપો કરેલા છે તે મુજબનો સચોટ અને શંકારહીત પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે અને ફરીયાદ પક્ષના કેસમાં જયારે શંકા ઉત્પન્ન થતી હોય ત્યારે તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે.

(૨૮). વધુમાં, ફોજદારી કેસોમા આરોપી વિરૂધ્ધનો ગુનો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદ પક્ષ જો પોતાનો કેસ સાબિત કરવા માં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપી ને મળે.

(૨૯). વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***G.L.R.-2006(3), MOHAMMED SALIM IBRAHIM QURESHI AND ANR. Vs. STATE OF GUJARAT, Page-2385*** ના કિસ્સામાં પેરા–૧૮.૧ માં કરવામાં આવેલ

અવલોકન ધ્યાને લેવામાંઆવે તો, *The law enshrined in Sec.134 of the Evidence Act does not require any particular number of witnesses to prove a certain fact. Under Sec. 3, a fact will be presumed to have been proved when after considering the matter before it, the Court either believes it to exist or considers its existence to be so probable that a prudent man under the circumstances of a particular case believes that such fact existed. So in Ordinary course of law, the facts to be proved, should be proved in a manner which on objective basis satisfies the Court as in case of an ordinary prudent man of the existence of fact. The underlying object of Sec.134 is that it is not the number of witnesses nor the quantity of evidence adduced by the prosecution that counts, but it is the quality that counts. Further, the prosecution has always discretion to give up examination of witnesses to avoid duplication of evidence. A Public Prosecutor may give up witnesses to avert proliferation of evidence which could save much time of the Court unless examination of such a witness would achieve some material use. If examination of a witness would only have helped in duplication of the same category of evidence as the other eye-witnesses, the Public Prosecutor cannot be blamed for adopting the course of not examining him. (Para 18.1),* જે ચુકાદા સંદર્ભે હાલની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે. એટલે કે સાક્ષીઓની સંખ્યા મહત્વની નહી પરંતુ સાક્ષીઓએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે.

**(૩૦).** આમ,આ કામે ઉપરોકત ચુકાદાઓમા પ્રસ્થાપીત કરેલા સિધ્ધાંતો સાથે હાલના કેસની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો,ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ કોઈપણ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો આપેલ નથી. જેથી હાલના ગુનાના કામે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૩૧). આમ, આ કામે ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ સામે આક્ષેપ મુજબના ગુનાના તત્વો પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર જે પુરાવો રજુ કરવો જોઈએ તે પુરાવો રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ હોય જેથી મુદ્દા નં.૧ નો મારો નિર્ણય ''નકારમાં'' ઠરાવું છું અને મુદ્દા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧). આ કામના આરોપીઓ નં.(૧) હિંમતભાઈ જીવણભાઈ પરમાર, નં.(૨) જયેશભાઈ હિંમતભાઈ પરમાર તથા નં.(૩) ભરતભાઈ હિરાભાઈ વાઘેલાને તેઓ વિરૂધ્ધના ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના આક્ષેપીત ગુનાના તહોમતમાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩). આ કામે આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ, એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

આ હુકમ આજ તારીખ : ૨૮ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૮/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર-જીજે ૦૧૩૯૧)